### વડોદરા મહાનગરપાલિકાની સમીક્ષા બેઠકમાં ધમાસાણ

# વોર્ડ નં. ૧૩માં ગેરકાયદે દબાણો કેમ દૂર નથી થતા? કમિશનરનો સણસણતો સવાલ

**પાલિકાની** વડી કચેરી આસપાસના દબાણો અને સફાઈની નબળી કામગીરી અંગે રેવેન્યુ ઓફિસરોને આકરી સૂચના




(પ્રતિનિધિ ) વડોદરા તા.25

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે આજે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય અને અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના તમામ ૧૯ વોર્ડના વોર્ડ ઓફિસરો તેમજ રેવેન્યુ ઓફિસરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન શહેરમાં વ્યાપેલા ગેરકાયદે દબાણો અને સફાઈ વ્યવસ્થાની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

સમીક્ષા બેઠક દરમિયાન મ્યુનિસિપલ કમિશનરે ખાસ કરીને વોર્ડ નંબર ૧૩ માં દિન-પ્રતિદિન વધતા જતા ગેરકાયદે દબાણો અને કથડેલી સફાઈ કામગીરી અંગે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. કમિશનરે વોર્ડ ઓફિસરોની આકરી ઝાટકણી કાઢતા સ્પષ્ટ સવાલ કર્યો હતો કે વોર્ડ નંબર ૧૩ માં થઈ રહેલા ગેરકાયદે દબાણો દૂર કેમ કરવામાં આવતા નથી?આ ઉપરાંત, પાલિકાની પોતાની વડી કચેરીની આસપાસ જ સાંજના સમયે ખડકાઈ જતી ઓમલેટ-ઈંડાની લારીઓ અને રસ્તા પર થઈ જતા ગેરકાયદે દબાણો મુદ્દે પણ કમિશનરે અત્યંત આકરા શબ્દોમાં અધિકારીઓને ટકોર કરી હતી.માત્ર દબાણ જ નહીં, પરંતુ શહેરભરમાં સફાઈની નબળી કામગીરી મુદ્દે પણ મ્યુનિસિપલ કમિશનરે રેવેન્યુ ઓફિસરોને કડક સૂચનાઓ આપી હતી. તેમણે સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે સફાઈની કામગીરીમાં કોઈ પણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં અને દબાણો તથા કચરાની સમસ્યા સામે ત્વરિત અને અસરકારક કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે. પાલિકા કમિશનરના આ કડક વલણ બાદ હવે તંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ અને સફાઈ અભિયાન વધુ ઝડપી બને તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## પીસીબી પોલીસે ગોલ્ડન ચોકડી પાસેથી દારૂ ભરેલું કન્ટેનર ઝડપ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

ભાવનગરમાં લઠ્ઠાકાંડની ઘટના બાદ પણ વડોદરા શહેરમાં વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણ બેફામ રીતે ચાલી રહ્યું હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. તાજેતરમાં સ્ટેટ મોનિટરિંગ સેલે ખોડિયારનગર વિસ્તારમાંથી રૂ.84 લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ કેસમાં લિસ્ટેડ બુટલેગર નીલુ સિંધી હજુ પોલીસની પકડથી દૂર છે. દરમિયાન હરણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ગોલ્ડન ચોકડી પાસેથી PCB પોલીસે વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડતાં ફરી એક વખત દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. મળતી માહિતી મુજબ PCB પોલીસને બાતમી મળી હતી કે વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ગોલ્ડન ચોકડી તરફથી પસાર થવાનું છે અને તેમાં ભરેલો દારૂ જંબુસર તરફ લઈ જવામાં આવવાનો છે. બાતમીના આધારે પોલીસે ગોલ્ડન ચોકડી નજીક વોચ ગોઠવી હતી.

### દબાણકર્તાઓને છૂટછાટ આપ્યા વિના રોડ લાઇન ખુલ્લી કરાઇ

# ખિસકોલી સર્કલ આસપાસના ગેરકાયદે દબાણો પર પાલિકાની મોટી કાર્યવાહી

આગામી દિવસોમાં પણ ઝુંબેશ યથાવત રહેશે




(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા મહાનગરપાલિકાના વહીવટી વોર્ડ નંબર 12 વિસ્તારમાં આવેલા ખિસકોલી સર્કલ પાસે આજે મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમ દ્વારા મોટા પાયે દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ખિસકોલી સર્કલ ચાર રસ્તાની આજુબાજુ તથા મુખ્ય રોડ લાઈનમાં વાહનવ્યવહારને નડતરરૂપ બનતા ગેરકાયદેસર દબાણો સામે પાલિકાની ટીમે કડક કાર્યવાહી કરી હતી.

આ દબાણ હટાવો ઝુંબેશ દરમિયાન માર્ગો પર ઉભા કરવામાં આવેલા કાચા-પાકા શેડ, ઓટલા, લારીઓ તેમજ ગેરકાયદેસર રીતે મુકાયેલા ગલ્લાઓ પર બુલડોઝર ફેરવીને રોડ ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ ત્રાટકેલી ટીમમાં વોર્ડ નંબર 12 ના સ્ટાફ સહિત ટાઉન ડેવલપમેન્ટ ઓફિસર વિભાગ અને દબાણ શાખાના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા કામગીરી દરમિયાન કોઈ અશાંતિ ન સર્જાય તે માટે અટલાદરા પોલીસ સ્ટેશનનો કાફલો પણ સાથે તૈનાત કરવામાં આવ્યો હતો. કામગીરી દરમિયાન કેટલાક દબાણકર્તાઓ દ્વારા સામગ્રી ન જપ્ત કરવા અથવા ગલ્લાઓ છોડી દેવા અંગે રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે કોઈને પણ છૂટછાટ આપ્યા વગર નિષ્પક્ષ રીતે કાર્યવાહી કરવામાં આવી છે. સ્થળ પરથી આશરે પાંચ ગાડી જેટલો મુદ્દામાલ અને સામાન જપ્ત કરીને પાલિકાની કચેરી ખાતે જમા લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ખિસકોલી સર્કલ વિસ્તારમાં વારંવાર ગેરકાયદેસર દબાણો ખડકાઈ જવાને કારણે ટ્રાફિક જામની ગંભીર સમસ્યાઓ સર્જાતી હતી. પાલિકા દ્વારા આ દબાણો દૂર કરવામાં આવતા હવે આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હળવી થશે અને વાહનચાલકોને મોટી રાહત મળશે. દબાણ શાખાના અધિકારીએ જણાવ્યું હતું કે, રોજેરોજ વિવિધ વોર્ડમાંથી મળતી સૂચનાઓ અને ફરિયાદોના આધારે વોર્ડની ટીમોને સાથે રાખીને શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારે ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કડક કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે.

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર કારમાં ભભૂકી આગ, પરિવારનો બચાવ થયો



વડોદરા ફાયર વિભાગે આગ પર મેળવ્યો કાબૂ

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

ભારતમાલા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર એક કારમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટના સમીયાલા ટોલ પ્લાઝા પાસે બની હતી. સદ નસીબે કારમાં સવાર પરિવારનો આબાદ બચાવ થયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, સુરતથી એક પરિવાર કાર લઈને અમદાવાદ એરપોર્ટ તરફ જઈ રહ્યો હતો, ત્યારે, સમીયાલા ટોલ પ્લાઝા નજીક કારમાં અચાનક આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી. જોકે, પરિવારે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક કારમાંથી બહાર નીકળી જતા મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ હતી.

## વારસિયા રીંગ રોડ પર રિલ બનાવવાની ગેલછામાં કારચાલકે ઊંધી કાર દોડાવી

વડોદરા : વડોદરા શહેરમાં સોશિયલ મીડિયા માટે રિલ બનાવવાની ગેલછામાં કેટલાક વાહનચાલકો દ્વારા ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવાની ઘટનાઓ સામે આવી રહી છે. અગાઉ પણ આવા બનાવોમાં પોલીસ કાર્યવાહી કરી ચૂકી છે ત્યારે વારસિયા રીંગ રોડ પરથી વધુ એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. વારસિયા રીંગ રોડ ઉપર એક કારચાલક દ્વારા કારને ઊંધી દિશામાં ચલાવીને જાહેર માર્ગ પર દોડાવતો હોવાનો વીડિયો સામે આવ્યો છે. કારચાલકની આ હરકતના કારણે રસ્તા પરથી પસાર થઈ રહેલા અન્ય વાહનચાલકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જાહેર માર્ગ પર આ પ્રકારની બેદરકારીથી વાહન હંકારવાથી અકસ્માત સર્જાઈ અન્ય લોકોના જીવ જોખમમાં મુકાઈ શકે તેવી સ્થિતિ ઉભી થઈ હતી. ત્યારબાદ આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે. રિલ બનાવવાની ગેલછામાં કારચાલકે આ રીતે ટ્રાફિક નિયમોનો ભંગ કર્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

### પરિવારની જાણ બહાર લગ્ન નોંધાતા કલેક્ટરને આવેદનપત્ર

# વડોદરામાં સ્પેશિયલ મેરેજ એક્ટના કડક અમલીકરણની માંગ કરાઈ

**કુબેર** ભવન સ્થિત રજિસ્ટ્રાર ઓફિસ સામે ગંભીર આક્ષેપ, ૨૫થી વધુ હિન્દુ-મુસ્લિમ યુગલોના લગ્ન પરિવારની જાણ બહાર થયાનો દાવો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

વડોદરા શહેરમાં સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ થતી લગ્ન નોંધણીમાં નિયમોના ચુસ્ત અમલને લઈને વિવાદ સામે આવ્યો છે. આ કાયદા અંતર્ગત લગ્ન નોંધણી વખતે વાલીઓને ફરજિયાત જાણ કરવાના નિયમનું કડક પાલન કરાવવાની માંગ સાથે આજે કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. રજૂઆતકર્તા દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને પગલે આ વિષય શહેરમાં ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. રજૂઆતકર્તા જ્યોતિ પરમારે કલેક્ટર સમક્ષ રજૂઆત કરતા આક્ષેપ કર્યો હતો કે, સરકારી પોર્ટલ પર લગ્ન અંગેની જોગવાઈઓ અને નિયમો સ્પષ્ટ હોવા છતાં, કુબેર ભવન સ્થિત રજિસ્ટ્રાર ઓફિસમાં પરિવાર કે વાલીઓની જાણ બહાર હિન્દુ-મુસ્લિમ યુગલોના લગ્ન નોંધાવાની ઘટનાઓ સામે આવી છે. અત્યાર સુધીમાં આવા ૨૫થી વધુ કિસ્સાઓ ધ્યાને આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આવેદનપત્રમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે જો લગ્ન નોંધણી પ્રક્રિયામાં વાલીઓ જ અજાણ રહે, તો કાયદાકીય સુધારાઓનો મૂળ હેતુ સરસ થઈ જતો નથી. આ કાયદાકીય જોગવાઈઓ માત્ર કાગળ પર સીમિત ન રહી જાય, તે માટે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રાઉન્ડ લેવલે સઘન અને કડક અમલીકરણ કરાવવામાં આવે તેવી ભારપૂર્વક માંગ કરાઈ છે.

## માંજલપુરમાં 50 વર્ષીય આધેડ પર જીવલેણ હુમલો, ૧ની ધરપકડ

**લારીનું** પૈડું પગ પર ચડતાં ટકોર કરનાર આધેડ પર લારીચાલકનો હુમલો કર્યો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

માંજલપુરના અલવાનાકા વિસ્તારમાં શાકભાજીની લારીનું પૈડું પગ પર ચડી જતાં લારીચાલકને સંભાળીને લારી ચલાવવાનું કહેવું 50 વર્ષીય આધેડને ભારે પડ્યું હતું. નજીવી બાબતે થયેલી બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા લારીચાલકે આધેડ પર પ્લાયવુડના લાંબા પાટીયાથી જીવલેણ હુમલો કર્યો હતો. માથામાં ગંભીર ઈજા થતાં આધેડને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, 24 ઓગસ્ટે માંજલપુરના અલવાનાકા વિસ્તારમાં શનિદેવ મંદિરથી ભૈરવનગર-1 તરફ જતા રોડ પર શ્રી ભાથુજી ફરસાણાની સામે 50 વર્ષીય આધેડ શાકભાજી ખરીદીને પરત ફરી રહ્યા હતા. દરમિયાન શાકભાજીની લારીનું એક પૈડું તેમના પગ પર ચડી ગયું હતું. જેથી આધેડે લારીચાલકને સંભાળીને લારી ચલાવવાનું કહ્યું હતું. આધેડની ટકોર બાદ લારીચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને તેમની સાથે બોલાચાલી કરી ગાળો બોલવા લાગ્યો હતો. આધેડે તેને સમજાવવાનો પ્રયાસ કરતાં આરોપીએ વધુ ઉશ્કેરાઈ જઈ પ્લાયવુડના લાંબા પાટીયાથી આધેડના માથાના ભાગે ઉપરાઉપરી ઘા માર્યા હતા. હુમલામાં આધેડના માથામાં ગંભીર ઈજા પહોંચી હતી અને તેઓ જમીન પર ઢળી પડ્યા હતા. ત્યારબાદ તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર બનાવ અંગે આધેડના નિવેદનના આધારે માંજલપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. માંજલપુર પોલીસની ટીમે ગણતરીના કલાકોમાં આરોપી પ્રેમદાસ રૂપલાલ ગૌતમ (ઉં.વ.35) ને ઝડપી પાડ્યો હતો. આરોપી હાલ ભૈરવનગર, અલવાનાકા, માંજલપુર ખાતે રહે છે અને મૂળ ઉત્તર પ્રદેશના કન્નૌજ જિલ્લાનો હોવાનું પોલીસે જણાવ્યું છે. આ મામલે માંજલપુર પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પૂરઝડપે ચાલતી કારની ટક્કરથી અકસ્માત સર્જાયો

# છાણી બ્રિજ પર અકસ્માતમાં સદનસીબે પરિવારનો આબાદ બચાવ થયો

**40ની સ્પીડ** લિમિટમાં 80ની ઝડપે કાર હંકારી, 6 સભ્યો ભરેલી કારને પાછળથી ટક્કર મારી, મોટી જાનહાનિ ટળી



(પ્રતિનિધિ) વડોદરા, તા.25

શહેરના છાણી બ્રિજ પર અકસ્માતની ઘટના બની હતી, જેમાં મોટી જાનહાનિ ટળી હતી. પૂરઝડપે આવી રહેલી એક કારે આગળ જઈ રહેલી પરિવારની કારને પાછળથી જોરદાર ટક્કર મારતા બ્રિજ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, એક પરિવારના છ સભ્યો કારમાં સવાર થઈ કોઈ પ્રસંગમાં હાજરી આપવા માટે પાર્ટી પ્લોટ તરફ જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરઝડપે આવી રહેલી કારે તેમની કારને અથડાવી દીધી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, પરિવારની કારને પાછળના ભાગે ભારે નુકસાન પહોંચ્યું હતું. જોકે, સદનસીબે કારમાં સવાર બે બાળકો અને મહિલાઓ સહિત તમામ 6 સભ્યોનો આબાદ બચાવ થયો હતો અને કોઈને ઈજા પહોંચી નહોતી. અકસ્માત બાદ બ્રિજ પર થોડીવાર માટે વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો અને બંને કાર ચાલકો વચ્ચે શાબ્દિક ઘર્ષણ પણ થયું હતું. આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ભોગ બનનાર કારચાલક જીગ્નેશભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, અમે પ્રસંગમાં જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવેલા કાર ચાલકે પૂરઝડપે અમારી કારને ટક્કર મારી હતી. અહીં સ્પીડ લિમિટ 40ની છે, છતાં સામે વાળા 60થી 80ની સ્પીડે કાર ચલાવી રહ્યા હતા. વાંક સંપૂર્ણપણે પાછળથી આવેલી કાર ચાલકનો જ છે. ગાડીને મોટું નુકસાન થયું છે, પરંતુ પરિવારના કોઈને કશું વાગ્યું નથી તેની રાહત છે..

## દુબઈ-ભારત વેપાર સંબંધોને વેગ, એજન્ટિક AIમાં સહયોગ વધારવા બે MoU

વડોદરાઃ દુબઈ ચેમ્બર્સે ભારત સાથે વેપાર-રોકાણના સંબંધો મજબૂત કરવા અને એજન્ટિક AI તથા ડીપટેક ક્ષેત્રે સહયોગ વધારવા NASSCOM અને FKCCI સાથે બે MoU પર હસ્તાક્ષર કર્યા. NASSCOM સાથેનો કરાર એજન્ટિક AI અને ડીપટેક ક્ષેત્રે જ્ઞાન, ઈનોવેશન, બિઝનેસ નેટવર્કિંગ અને બજાર વિસ્તરણ માટે માળખું પૂરું પાડશે. ભારતીય કંપનીઓને દુબઈમાં વ્યવસાય સ્થાપવા અને વિસ્તરણ કરવામાં પણ સહાય મળશે.જૂન 2026 સુધીમાં 85,841 ભારતીય કંપનીઓ દુબઈ ચેમ્બર ઑફ કોમર્સની સક્રિય સભ્ય બની હતી, જે વાર્ષિક ધોરણે 15% વૃદ્ધિ દર્શાવે છે. માત્ર H1 2026 દરમિયાન જ 7,579 નવી ભારતીય કંપનીઓ ચેમ્બર સાથે જોડાઈ હતી. 2025માં દુબઈમાં ભારતીય FDI US$2.28 બિલિયન રહ્યો હતો. 2016થી 2025 દરમિયાન દુબઈએ ભારતમાં 147 પ્રોજેક્ટ્સમાં US$9.3 બિલિયનનું રોકાણ કર્યું, જેના પરિણામે 55,274 રોજગારીની તકો ઊભી થઈ.

## બહુચરાજી રોડ પર પેટ્રોલ પંપ પર ઓછું પેટ્રોલ આપતા હોબાળો

વડોદરા : વડોદરા શહેરના બહુચરાજી રોડ પર આવેલા પેટ્રોલ પંપ પર ગ્રાહકને ઓછું પેટ્રોલ આપવામાં આવ્યું હોવાના આક્ષેપને પગલે ભારે હોબાળો મચ્યો હતો. ગ્રાહક દ્વારા કરવામાં આવેલા આક્ષેપ બાદ પેટ્રોલ પંપના સંચાલક અને ગ્રાહક વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં સ્થળ પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. મામલો ઉગ્ર બનતાં બંને પક્ષો સામસામે આવી ગયા હતા અને ઉગ્ર આક્ષેપ-પ્રતિઆક્ષેપ થતાં સ્થળ પરનું વાતાવરણ તંગ બની ગયું હતું. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો પણ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. દરમિયાન સમગ્ર બોલાચાલીનો વીડિયો કોઈ વ્યક્તિ દ્વારા મોબાઈલમાં રેકોર્ડ કરવામાં આવ્યો હતો, જે બાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.




## શહેરમાં બેવડી ઋતુનો અનુભવ, સવારે ઝરમર વરસાદ બાદ અસહ્ય ઉકળાટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરા શહેરમા વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવો વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ મુજબ આગામી 7 દિવસ સુધી શહેરમાં સામાન્ય રીતે વાદળછાયું આકાશ અને હળવા વરસાદની શક્યતા છે. મંગળવારે વડોદરાનું મહત્તમ તાપમાન 34.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતા 2.0 ડિગ્રી વધુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન 27.4 ડિગ્રી નોંધાયું હતું, જે પણ સામાન્ય કરતા 2.0 ડિગ્રી વધારે છે. છેલ્લા 24 કલાકમાં 0.1 મી.મી. વરસાદ નોંધાયો છે. હવામાં ભેજનું પ્રમાણ સવારે 83 ટકા અને સાંજે 61 ટકા નોંધાયું હતું. આ સમયગાળા દરમિયાન કોઈ ચેતવણી આપવામાં આવી નથી. તા.26ના રોજ લઘુત્તમ 26.0 મહત્તમ 30.0 ડિગ્રી, તા. 27 લઘુત્તમ 26.0 મહત્તમ 34.0 ડિગ્રી, 28 લઘુત્તમ 26.0 મહત્તમ 34.0 ડિગ્રી, તા. 29 લઘુત્તમ 25.0 મહત્તમ 34.0 ડિગ્રી, રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી એક સપ્તાહ સુધી શહેરનું વાતાવરણ ભેજવાળું અને વાદળછાયું રહેશે.

### વિદેશમા મોકલી TRC કાર્ડના નામે પણ ધક્કા ખવડાવ્યા

# ફ્રાન્સ-લાતવિયામા નોકરી અપાવવાના બહાને આણંદના યુવક સાથે રૂ.૯.૫૦ લાખની ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

વિદેશમાં સારી નોકરી અને કમાણીના સપના સાથે કન્સલ્ટન્સીનો સંપર્ક કરનાર આણંદના 23 વર્ષીય યુવક સાથે રૂ.9.50 લાખની છેતરપિંડી કરવામા આવી છે. ફ્રાન્સમાં વર્ક વિઝા અપાવવાના વાયદાથી શરૂ થયેલી વાતચીત બાદ યુવકને લાતવિયા મોકલવામાં આવ્યો હતો. જોકે ત્યાં પહોંચ્યા બાદ પણ નોકરી અને TRC કાર્ડનું કામ પૂર્ણ ન થતાં આખરે યુવકને ખાલી હાથે ભારત પરત ફરવાની ફરજ પડી હતી. રૂપિયા પરત નહીં મળતા તથા વિઝા પણ નહીં કાઢી આપતા યુવકે એજન્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આણંદ જિલ્લાના નિસરાયા ગામના યુવકે નોધાવેલી ફરિયાદ મુજબ વર્ષ 2024માં સયાજીગંજ મનુભાઈ ટાવરમાં આવેલી વાયબ્રન્ટ ઓવરસીઝનો સંપર્ક કર્યો હતો. કન્સલ્ટન્સીના સંચાલક પંકજ સંઘવીએ ફ્રાન્સમાં નોકરી સાથે રહેવા-જમવાની સુવિધા અને વર્ક પરમિટ વિઝા અપાવવાનું કહી રૂ.6.50 લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. યુવકે શરૂઆતમાં રૂ.50 હજાર ચૂકવ્યા હતા. જોકે ત્રણ-ચાર મહિના બાદ પણ વિઝાનું કામ આગળ ન વધતાં તેણે રકમ પરત માંગી હતી.

આ પછી પંકજ સંઘવીએ ફ્રાન્સના બદલે લાતવિયામાં નોકરી અપાવવાની વાત કરી હતી. બિઝનેસ વિઝા પર લાતવિયા પહોંચ્યા બાદ ચાર-પાંચ દિવસમાં વર્ક પરમિટ અને TRC કાર્ડ મળી જશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

યુવકે અલગ-અલગ તારીખે પંકજ સંઘવી તથા તેમના જણાવ્યા મુજબ મનીષ ઠક્કરના ખાતામાં રૂ.9.50 લાખ ચૂકવ્યા હોવાનો આક્ષેપ કર્યો છે.

9 ફેબ્રુઆરી 2026ના રોજ યુવક લાતવિયા પહોંચ્યો ત્યારે એરપોર્ટ પર તેને લેવા કોઈ આવ્યું નહોતું. ત્યારબાદ હોટલમાં રોકાણ કરાવી TRC કાર્ડ માટે 28 દિવસ સુધી વાયદા કરવામાં આવ્યા હતા. દરમિયાન વધુ 6 હજાર યુરોની માંગણી કરવામાં આવતા યુવકે રકમની વ્યવસ્થા ન કરી શકતાં 11 માર્ચે ભારત પરત ફરવું પડ્યું હતું.

યુવકની ફરિયાદના આધારે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ દરમિયાન અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ અને યુવક પાસેથી લેવામાં આવેલી રકમનો ઉપયોગ ક્યાં કરવામાં આવ્યો તે સહિતની હકીકતો બહાર આવે તેવી શક્યતા છે.